॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૧૮

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૦)**

૧. કિરિયાહિં **કાઈયાએ અહિગરણયાએ પાઉસિયાએ પારિતાવણિયાએ** પાણાઈવાય

૨. સુએ **સામાઈએ તિણ્હં ગુત્તીણં ચઉણ્હં** કસાયાણં

૩. સાગ વિહિં **માહુરય વિહિં જેમણ વિહિં પાણિય વિહિં મુહવાસ વિહિં** વાહણ

૪. ખામેમિ **ખમાસમણો દેવસિયં વઈક્કમં આવસ્સિયાએ** પડિક્કમામિ

૫. સમ્મં **કાએણં ન ફાસિયં ન પાલિયં ન તીરિયં** ન કિટ્ટિયં

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૩)**

૧. સમણધમ્મે **સાધુધર્મમાં** ૨. અસરણાણુપ્પેહા **અશરપણાનો વિચાર ચિંતવવો**

૩. સાવિયાણં **શ્રાવિકાઓની** ૪. આરાહણાએ **આરાધનામાં**

૫. મુત્તિ મગ્ગં **આઠ કર્મોથી મુક્તિનો માર્ગ છે.**

૬. હિંસપ્પયાણં **હિંસા થાય તેવા શસ્ત્રો આપવાથી**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૨)**

૧. શુદ્ધ અંતઃકરણથી **મણસા** ૨. સમ્યગ્વાદને અંગીકાર કરું છું **કિરિયં ઉવસંપજ્જામિ**

૩. શ્રદ્ધાની રુચિ **નિસ્સગ્ગ રુઈ** ૪. ગણધરની આશાતનાથી **સુયદેવયાએ આસાયણાએ**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ભગવાન પારણામાં કેવો આહાર લેતા હતા? **સાદો, ઠંડો, નીરસ.**

૨. ભગવાને શેનું સેવન કર્યું નહોતું. **છદ્મ અવસ્થામાં એકવાર પણ પ્રમાદનું સેવન કર્યું નહોતું.**

૩. લાઢ દેશના લોકો ભગવાનને શું કહેતા હતા? **અહીંથી બીજે ક્યાંય દૂર ચાલ્યા જાઓ.**

૪. ભગવાને શેના પર શયન કર્યું હતું? **લાકડાના કે ઊંચા–નીચા આસનો પર શયન કરેલ હતું.**

૫. ભગવાન કયા આસને બેસીને ધર્મધ્યાન કરતા હતા? **ઉત્કૃષ્ટ, ગોદુહ, વીરાસન.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે લખો.**

**(૧) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. ...... ના વિમાન એક સ્થાનેથી બીજે સ્થાને ...... કરે ત્યારે. **તારા, સંક્રમણ**

૨. જે વિમાન ત્રિકોણ છે, તે ...... ના આકારે છે. તેને ...... દ્વાર હોય છે. **સિંઘોડા, ત્રણ**

૩. ક્યારે હું ...... અથવા ...... શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરીશ? **અલ્પ, અધિક**

૪. પોતાની ...... શરીરની ...... ક્ષીણ થતી જોઇને. **તેજોલેશ્યા, કાંતિ**

૫. ...... અને ...... ના પરિત્યાગરૂપ સંલેખનાની આરાધના કરી. **શરીર, કષાય**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૫)**

૧. એક દેશ પૃથ્વી ચલિત થવાનું ત્રીજું કારણ લખો. **નાગકુમાર અને સુવર્ણકુમાર ભવનપતિના દેવો વચ્ચે સંગ્રામ થવાથી.**

૨. સ્થવિર એટલે શું? **સંયમમાં સ્થિર હોય અને જે સંયમથી ડગતાને સ્થિર કરે. દીર્ઘ દીક્ષાપર્યાયવાળા.**

૩. ત્રણ પ્રકારના પાત્ર કયા છે? ત્રણ શબ્દમાં લખો. **તુંબી, કાષ્ટ, માટી.**

૪. વડી દીક્ષામાં કયું ચારિત્ર આપવામાં આવે છે? એક શબ્દમાં લખો. **છેદોપસ્થાપનીય.**

૫. મધ્યમ વયમાં કેટલા વર્ષની ઉંમર બતાવી છે? **૩૦ થી ૬૦ વર્ષની.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે જવાબ લખો.**

૧. ભદ્રા બાળક માટે કોને વિનંતી કરવાનું વિચારતી હતી? (૬)

**નાગ, ભૂત, ઈન્દ્ર, શિવ, વૈશ્રમણ, નાગ પ્રતિમા.**

૨. ખાઈનું પાણી શેનાથી ભરેલું હતું? (૫) **ચરબી, માંસ, લોહી, પરુ, મૃત શરીરો.**

૩. રાજા જિતશત્રુ સ્નાન કરીને કોની સાથે ઘોડા પર સવાર થઈ બહાર નીકળ્યા? (૩)

**ભટ્ટો, યોદ્ધાઓ, સામંતો.**

૪. ભદ્રા સાર્થવાહીએ કોની સાથે પોતાનો દોહદ પૂર્ણ કર્યો? (૬)

**મિત્ર, જ્ઞાતિજન, સ્વજન, સંબંધી, પરિજન, નગરની સ્ત્રીઓ.**

(૧૫)

**પ્ર. ૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો.** **(૧૦)**

૧. આપને નિર્ગ્રંથ પ્રવચનમાં પૂર્ણ ......, ......, ...... તથા ...... છે. **દઢતા, નિષ્ઠા, શ્રદ્ધા, રુચિ**

૨. હાથીના સાત અંગ ......, ......, ...... અને ...... હતા. **૪ પગ, સૂંઢ, પૂંછડી, લિંગ**

૩. ધન્ય છે આપની ......, ......., ......, ......, ......, ...... પરાક્રમને.

**ઋદ્ધિ, બળ, વીર્ય, દ્યુતિ, યશ, પુરુષાર્થ**

૪. સાધુ–સાધ્વીઓની ...... કેવી હોય? **સહનશીલતા**

૫. મહાવિદેહ ક્ષેત્રમાંથી ......, ......, ...... થશે. **સિદ્ધ, બુદ્ધ, મુક્ત**

૬. શ્રાવકની ...... થી ...... પ્રતિમા ધારણ કરી. **૧, ૧૧**

**(આ) અંતગડ સૂત્રના આધારે અયોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૫)**

૧. અનિકસેનનઓ અધિકાર કયા વર્ગમાં છે? (**ત્રીજા,** બીજા, પહેલા)

૨. પાંચમા અધ્યયનનું નામ શું છે? (દુર્મુખકુમાર, દારુકકુમાર, ગજસુકુમાર) એકપણ નહિ

૩. ભદ્દિલપુર નગરમાં કયા રાજા રાજ્ય કરતા હતા? (અનહિતરિપુ, વિજય, **જિતશત્રુ**)

૪. અનિકસેનને પ્રવચન સાંભળી શું ઉત્પન્ન થયું? (શ્રદ્ધા, **વૈરાગ્ય,** સંયમ)

૫. અનિકસેન કયા નગરના હતા? (**ભદ્દિલપુર,** દ્વારિકા, કાકંદી)

(૫)

**પ્ર. ૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.**

૧. ધન્ના કુમારનો દીક્ષા મહોત્સવ કોણે કર્યો? **જિતશત્રુ**

૨. ધન્ના અણગાર શેનાથી ચાલતા હતા? **આત્મશક્તિ**

૩. ધન્ના અણગાર પારણામાં શું કરતા હતા? **આયંબિલ**

૪. ધન્ના અણગારે કેટલા મહિનાનો સંયમ પાળ્યો? **૯ મહિના**

૫. કોની જેમ ભગવાનને ગોચરી બતાવતા હતા? **ગૌતમ અણગાર**

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક આધારે લખો.**

**(૧) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૯)**

૧. સે **ઉદગં વા ઓસં વા હિમં વા મહિયં વા કરગં વા હરિતણુગં વા સુદ્ધોદગં વા ઉદઉલ્લં વા કાયં**

ઉદઉલ્લં ॥

**અર્થ : ઉદગં વા–પાણીનો, ઓસં વા–ઝાકળનો, હિમં વા–બરફનો, મહિયં વા–ધુમ્મસના પાણીનો, કરગં વા–કરાનો, હરિતણુગં વા–લીલોતરી પર પડેલાં પાણીના ટીપાંનો અથવા લાકડાના અગ્નિને, સુદ્ધોદગં વા–વરસાદના પાણીનો, ઉદઉલ્લં વા કાયં–પાણીથી ભીના શરીરનો.**

૨. નામ **જ્જયણં સમણેણં ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઈયા સુઅક્ખાયા સુપન્નત્તા સેયં મે**

અહિજ્જિઉં ॥

**અર્થ : અજ્ઝયણં–અધ્યયન છે, સમણેણં–શ્રમણ–તપસ્વી , કાસવેણં–કાશ્યપગોત્રી, ભગવયા–ભગવાન, મહાવીરેણં–મહાવીરે, પવેઈયા–સમ્યક્ પ્રકારે પ્રરૂપણા કરી, સુઅક્ખાયા–સમ્યક્ પ્રકારે કથન કર્યું છે, સુપન્નત્તા–સારી રીતે બતાવ્યું છે, મે–મારા માટે, સેયં–કલ્યાણકારી છે?**

૩. સંજય **યા મેવ પડિલેહિય પડિલેહિય પમજ્જિય પમજ્જિય એગંતમવણિજ્જા ણો ય ણં સંઘાયમ**

વજ્જેજ્જા ॥

**અર્થ : મેવ–જતનાથી પડિલેહિય–વારંવાર સારી રીતે પ્રતિલેખન કરીને, પમજ્જિય–વારંવાર સમ્યક્ રીતે પ્રતિલેખન કરીને, એગંતં–એકાંત સ્થાનમાં, અવણિજ્જા–રાખી દે, પરંતુ તે જીવોને ણો ણં સંઘાયમ–એવી રીતે ભેગા કરીને ન રાખે જેથી પીડા થાય**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

૧. દિવ્વં **દેવસંબંધી** ૨. વિહરામિ **સંયમપૂર્વક વિચરીશ**

૩. ફુમંતં **ફૂંક મારનાર** ૪. તહપ્પગારે **આ પ્રકારના**

૫. કિલિંચેણ **દંડાથી** ૬. અઈવાયંતે **હણનાર**

**(૩) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૩)**

૧. આગળ કહેવાશે તે **ઈમે** ૨. પરમ સુખના અભિલાષી છે **પરમાહમ્મિયા**

૩. પાંદડાં આવવાની અવસ્થાવાળી વનસ્પતિ પર **જાએસુ વા**

**(૧૦)**

**પ્ર. ૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.**

૧. મિશ્ર કાળ કોને કહેવાય? ઉદા. સાથે લખો. અશૂન્ય કાળ કઈ ગતિમાં હોય? તિર્યંચમાં ક્યા કાળ હોય? તેનો

અલ્પબહુત્વ લખો. (૬)

**મિશ્ર કાળ : તે વિવક્ષિત જીવોના ભૂતકાળના અનંત નરક આદિ ભવોમાંથી એક જીવ પણ તેને ભેગો થાય તો અનંતભવોનો તે કાળ તે જીવની દષ્ટિથી તે ગતિનો મિશ્ર કાળ છે. ઉદાહરણ ધારો કે કોઈ જીવ નરકમાં જે સમયે હતો ત્યારે નરકમાં તેની સાથે ૧૦૦ જીવો હતા, તે જીવ મરીને તિર્યંચ કે મનુષ્ય થઈને ફરી પાછો નરકમાં તે જ સ્થાને ઉત્પન્ન થયો ત્યારે તે નરકમાં પૂર્વેના ૧૦૦ નારકીમાંથી એક કે તેથી વધુ નારકી ત્યાં હોય**

**શૂન્ય કાળ ચાર ગતિમાં હોય છે. નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ.**

**તિર્યંચમાં અશૂન્ય કાળ, મિશ્ર કાળ. સર્વથી થોડો અશૂન્ય કાળ, તેથી મિશ્ર કાળ અનંતગુણો.**

૨. ચારિત્ર શેના માટે લેવાનું છે? **કર્મના ક્ષય માટે.** (૧×૪)

૩. મન:પર્યજ્ઞાન અને અચક્ષુદર્શન ઈહભવિક છે કે પરભવિક?

**મન:પર્યવજ્ઞાન ઈહભવિક અને અચક્ષુદર્શન ઈહભવિક, પરભવિક અને તદુભયભવિક છે.**

૪. ઈહભવિક એટલે શું? **ઈહભવિક એટલે આ ભવમાં જ રહેનારું.**

૫. ભગવતી સૂત્ર અંગ છે કે ઉપાંગ? કેટલામું? બે શબ્દમાં લખો. **અંગ, પાંચમું.**

(૧૦)

**પ્ર. ૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. પર્યાપ્તા અને ઈન્દ્રિય ઉપયોગવાળાના ઢગલા કેટલા? **૨૫૪/૩૨**

૨. એકેન્દ્રિયમાં અસંખ્યાતા જીવ હોય તેમાંથી મનુષ્ય થઈ સિદ્ધ થાય તે એકેન્દ્રિય કયા?

**બાદર પૃથ્વીકાય, બાદર અપ્કાય**

૩. ચાર સમય સુધી નિરંતર સિદ્ધ થાય તો કેટલા સિદ્ધ થાય? **૭૩, ૮૪**

૪. ૨૫૫ અને ૧ ઢગલા કોના છે? **આયુ અબંધક, આયુ બંધક**

૫. સાકાર અને અનાકાર એટલે શું? **જ્ઞાન, દર્શન**

૬. સ્ત્રી મરીને સ્ત્રી સિદ્ધ થાય તો કેટલા થાય? **૧, ૧૦**

૭. કયા તેજોલેશ્યાવાળા દેવલોકમાંથી સિદ્ધ થાય? **પહેલા, બીજા**

૮. ઉત્કૃષ્ટ પાંચ સિદ્ધ ક્યાંથી નીકળેલા થાય? **ભવનપતિ દેવી, વાણવ્યંતર દેવી**

૯. ઉત્કૃષ્ટ બે સિદ્ધ ક્યાંથી થાય? **સમુદ્ર, પંડગવન**

૧૦. સિદ્ધ દ્વાર કયા સૂત્રમાંથી લેવામાં આવ્યો છે? **પન્નવણા સૂત્ર પદ ૨૦, સિદ્ધ પાહુડ ગ્રંથ**

(૫)

**પ્ર. ૧૦ આગમ પરિચય અવલોકનના આધારે નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.**

૧. સમવાયાંગ એ ત્રીજું અંગ સૂત્ર છે. **ખોટું. સમવાયાંગ એ ચોથું અંગ સૂત્ર છે.**

૨. રાયપસેણીય સૂત્રમાં ૨૦૭૮ ગાથા છે. **સાચું.**

૩. ૧૦ મા સમવાયમાં ૧૦ સૂત્રો છે. **ખોટું. ૧૦ મા સમવાયમાં ૨૫ સૂત્રો છે.**

૪. પરદેશી રાજાની સળંગ ભવકથા વર્ણવે છે. **સાચું.**

૫. પ્રકીર્ણક સૂત્ર મૂળ આગમના અભ્યાસરૂપ છે. **ખોટું. પ્રકીર્ણક સૂત્ર મૂળ આગમના પરિશિષ્ટરૂપ છે.**

❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS AUGUST 4TH/5TH MONDAY AND TUESDAY.